BUSINESS મિત્ર

સેન્સેક્સ 450 પોઇન્ટ ઉછળ્યો, રોકાણકારોએ 95000 કરોડની કમાણી કરી

આરબીઆઇએ 25 ટકા વ્યાજદર ઘટાડતા શેરબજાર ઝૂમી ઉઠ્યું

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 5: ભારતીય શેરબજારમાં સતત બીજા દિવસે ઉછાળો જોવા મળ્યો હતો. આરબીઆઇના વ્યાજદરમાં ઘટાડાની જાહેરાતથી બજારનું સેન્ટિમેન્ટ મજબૂત બન્યું હતું અને રોકાણકારોએ જોરદાર ખરીદી કરી હતી, જેના લીધે સેન્સેક્સ 450 પોઇન્ટ જેટલો વધ્યો હતો, તેમજ રોકાણકારોએ રૂ. 95 હજાર કરોડની કમાણી કરી હતી.

આરબીઆઇએ રેપો રેટમાં 0.25 ટકાનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. આ પછી બેન્કીંગ, ફાઇનાન્સીયલ, રિયલ્ટી અને ઓટોમાંથી ઘણી ખરીદી કરી હતી. આ સિવાય અમેરિકામાં વ્યાજદરમાં ઘટાડાની અપેક્ષા પર આઇટી શેરો અને મેટલ શેરોમાં સારો ઉછાળો આવ્યો હતો. જોકે, બ્રોડર માર્કેટ વલણ મિશ્રિત રહ્યું હતું. જેમાં મિડકેપ ઇન્ડેક્સ સુધર્યો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ નરમ રહ્યો હતો.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપ વધીને રૂ. 470.80 લાખ કરોડ થયું છે. જે અગાઉના કારોબારી દિવસે રૂ. 469.85 લાખ કરોડ રૂપિયા હતું. બીએસઇમાં લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ 95 હજાર કરોડ વધારો થયો છે.

બીએસઇ સેન્સેક્સ 447.05 પોઇન્ટ એટલે કે 0.52 ટકા વધીને 85712.37 પોઇન્ટના સ્તરે બંધ રહ્યો હતો. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 85796 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 85078 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 152.70 પોઇન્ટ એટલે કે 0.59 ટકા વીઇને 26150 પોઇન્ટની સપાટી કુદાવીને 26186.45 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 26200ની સપાટી કુદાવીને 26202 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 26000 પોઇન્ટની સપાટી તોડીને 25985 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 488.50 પોઇન્ટ એટલે કે 0.82 ટકા વધીને 59777.20 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે મેટ્રો બ્રાન્ડસ 52.71 ગણા, ઇન્ટરગ્લોબ એવીએશન 5.29 ગણા, એબી રિયલ એસ્ટેટ 4.96 ગણા, ઝેન ટેકનોલોજી 4.27 ગણા, કેઆઇઓસીએલ 4.03 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે કોમ્પ્યુટર એજ મેનેજમેન્ટ 7.97 ગણા, એસકેએફ ઇન્ડિયા 6.07 ગણા, એબી રિયલ એસ્ટેટ 5.81 ગણા, કેઇન્સ ટેકનો 5.73 ગણા અને આઇટીસી હોટલ્સ 5.72 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સામસામી રાહ જોવાઇ હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.19 ટકા વધ્યો હતો, જ્યારે સ્મોલકેપ ઇન્ડેક્સ 0.32 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી પડી હતી. બીએસઇ ખાતે 1804 શેરો વધ્યા હતા, જ્યારે 2314 શેરો ઘટ્યા હતા.

આરબીઆઇના વ્યાજદર ઘટાડાના પગલે પીએસયુ શેરોમાં તેજી જોવાઇ હતી. નિફ્ટી પીએસયુ બેન્ક ઇન્ડેક્સ 1.51 ટકા વધ્યા હતા. જેમાં એસબીઆઇ, પીએનબી, બેન્ક ઓફ બરોડા, બેન્ક ઓફ ઇન્ડિયા, કેનેરા બેન્ક, ઇન્ડિયન બેન્ક, યુનિયન બેન્ક, પંજાબ એન્ડ સિંધ બેન્ક અને બેન્ક ઓફ મહારાષ્ટ્ર વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારો સુધારા તરફ ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં મિશ્ર વેપાર જોવાયો હતો. ગઇકાલે વોલસ્ટ્રીટ સપાટ રહ્યા હતા. આગામી સપ્તાહે ફેડરલ રિઝર્વની બેઠક મળનારી છે, તેમાં 25 બેસીસ પોઇન્ટનો ઘટાડો થશે તેવા આશાવાદની પોઝિટિવ અસર જોવાઇ હતી. એફટીએસઇ 0.02 ટકા, કેક 0.22 ટકા અને ડેક્સ 0.56 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. જ્યારે એશિયન બજારોમાં નીક્કી 1.27 ટકા, સ્ટ્રેઇટસ 0.08 ટકા, જકાર્તા 0.09 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 0.52 ટકા, તાઇવાન 0.66 ટકા, કોસ્પી 1.74 ટકા અને શાંઘાઇ 0.69 ટકા વધ્યા હતા.

વ્યાજદર ઘટતા રૂપિયો ઘટતો અટક્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 5: કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો સપાટ રહ્યો હતો. આરબીઆઇએ વ્યાજદર 25 પૈસા ઘટતા 89.98ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 89.99ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 104.62, પાઉન્ડ 119.97, કેનેડિયન ડોલર 64.73, ઓસ્ટ્રેલિયન ડોલર 59.38, જાપાનીઝ યેન 0.5799 અને સીંગાપોર ડોલર 69.21ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	89.98 રૂ.
યુરો	104.62 રૂ.
પાઉન્ડ	119.97 રૂ.
યેન	0.5800 રૂ.

સેન્સેક્સ	447.05	85712.37
નિફ્ટી	152.70	26186.45
બેન્ક નિફ્ટી	488.50	59777.20

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
શ્રીરામ ફાઇનાન્સ	3.23	854.90
એસબીઆઇ	2.47	971.50
બજાજ ફિનસર્વ	2.31	2096.50
અદાણી એન્ટર	2.14	2265.40
બજાજ ફાઇનાન્સ	1.84	1048.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ટરગ્લોબ એવીએશન	1.21	5370.50
ઇટર્નલ	1.13	292.40
ટીએમપીવી	0.80	353.60
ટ્રેન્ટ	0.78	4183.10
સન ફાર્મા	0.71	1805.30

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એસબીઆઇ	2.46	971.40
બજાજ ફિનસર્વ	2.08	2092.80
બજાજ ફાઇનાન્સ	1.89	1048.45
મારૂતિ સુઝુકી	1.80	16285.00
એચસીએલ ટેકનો	1.68	1682.85

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
એચયુએલ	5.00	2339.00
ઇટર્નલ	1.15	292.40
ટીએમપીવી	0.83	353.50
સન ફાર્મા	0.75	1805.00
ટ્રેન્ટ	0.61	4189.35

મોદી અને પુતિન વચ્ચેની મંત્રણાઓ દુનિયાનો ઇતિહાસ બદલી શકે તેવી છે

યુક્રેન યુદ્ધનો અંત લાવવા માટે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વિવાદાસ્પદ શાંતિ યોજના નિષ્ફળ ગઇ છેત્યારેરશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન બે દિવસની ભારત મુલાકાત ઉપર આખી દુનિયાની નજર છે. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના પાલમ એર પોર્ટ પર પ્રોટોકોલને બાજુ પર રાખીને પુતિનનું સ્વાગત કર્યું અને તેઓ એક જ કારમાં આગળ વધ્યા, તે પુતિન અને મોદી વચ્ચેની કેમિસ્ટ્રી દર્શાવે છે. આ મુલાકાત દરમિયાનપુતિનરૂમા ભારત-રશિયા વાર્ષિક શિખર સંમેલનમાં ભાગ લેશે. આ મુલાકાત બંને દેશો માટે એક મહત્ત્વપૂર્ણ ક્ષણે આવી રહી છે, કારણ કે તેઓ ભૂ-રાજકીય ઉથલપાથલનો સામનો કરતી વખતે તેમની વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.એક મુલાકાતમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ખુલ્લેઆમ ભારતનું સમર્થન કર્યું છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું અમેરિકા ટેરિફ લાદીને ભારત પર દબાણ કરી રહ્યું છે, ત્યારે પુતિને કહ્યંવ કે વડા પ્રધાન મોદી દબાણ સામે ઝૂકવાવાળા નથી.

ભારતની મુલાકાત પહેલાં પુતિનની આ ટિપ્પણી આવી હતી. મુલાકાતમાં પુતિને વડા પ્રધાન મોદીના નેતૃત્વની પ્રશંસા કરતાં કહ્યું કે દુનિયાએ ભારતનું મજબૂત વલણ જોયું છે. ભારત તેના નેતૃત્વ પર ગર્વ અનુભવી શકે છે. ભારત અને રશિયા વચ્ચે ૯૦ ટકાથી વધુ દ્વિપક્ષીય વ્યવહારો સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. પુતિનની મુલાકાતની મુખ્ય પ્રાથમિકતા દ્વિપક્ષીય વેપાર સંબંધોને વધુ મજબૂત બનાવવાની છે. ભારત-રશિયા વેપાર હાલમાં ૭૦ અબજ ડોલરનો છે, પરંતુ તે સંતુલિત નથી. ભારત રશિયા પાસેથી ૬૫ અબજ ડોલરના મૂલ્યના માલની આયાત કરે છે, જ્યારે બદલામાં ફક્ત ૫ અબજ ડોલરની નિકાસ કરે છે. નવી દિલ્હીએ આ વેપાર ખાધ પર વારંવાર ચિંતા વ્યક્ત કરી છે. માળખાકીય અસંતુલનને દૂર કરવાના પ્રયાસમાંબંને પક્ષો ડોલર-આધારિત વેપારના વિકલ્પો પણ શોધી રહ્યા છે. બંને દેશો રૂપિયા-રુબલ સમાધાન પદ્ધતિના વિસ્તરણ પર ચર્ચા આગળ ધપાવશે, જે લાંબા સમયથી ચર્ચાનો વિષય છે. આનો હેતુ ત્રીજા દેશનાં ચલણો પર નિર્ભરતા ઘટાડવાનો અને પશ્ચિમી પ્રતિબંધો અને નાણાંકીય આંચકાઓથી દ્વિપક્ષી વેપારને બચાવવાનો છે.ભારત રશિયા પાસેથી S-૪૦૦ અને Su-૫૭ ફાઇટર જેટ પણ ખરીદી શકે છે.

મોદી અને પુતિનની વાતચીતનો મુખ્ય ભાગ વેપાર ઉપરાંતયુક્રેન સંઘર્ષ બનશે. ખાસ કરીને જ્યારે ટ્રમ્પ તેમની અટકેલી શાંતિ યોજનાને આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છે ત્યારે તે મુદ્દો મહત્ત્વનો બની જાય છે. ભારતે રશિયા સાથે તેની ઊર્જા અને સંરક્ષણ ભાગીદારીને મજબૂત બનાવતી વખતે યુક્રેનમાં ચાલી રહેલાં યુદ્ધ પર સંતુલિત તટસ્થતા જાળવી રાખી છે. રશિયા પાસેથી ભારતની લાંબા ગાળાની સંરક્ષણ ખરીદીનો મુખ્ય ઘટક S-૪૦૦ મિસાઇલ પ્રણાલીની પણ સમીક્ષા થવાની શક્યતા છે. આ પ્રણાલી ભારતના હવાઇ સંરક્ષણનું કેન્દ્રબિંદુ બની રહી છે.

ભારત તેના કૃષિ ક્ષેત્રને ટેકો આપવા માટે રશિયન ખાતરો પર ખૂબ આધાર રાખે છે. ૨૦૨૫ ના પહેલા ભાગમાંભારતે રશિયાથી લગભગ ૨૫ લાખ ટન ખાતરની આયાત કરી હતી, જેના કારણે ભારતના કુલ ખાતર આયાતમાં રશિયાનો હિસ્સો ૩૩ ટકા સુધી વધ્યો હતો. આનો અર્થ એ થયો કે ભારત દ્વારા આયાત કરાયેલા દરેક ત્રણ ટન ખાતરમાંથી એક રશિયાથી આવે છે. આ વધારો ૨૦૨૨ થી થયો છે અને તેણે ભારતને રશિયા માટે એક મહત્વપૂર્ણ ખાતર બજાર બનાવ્યું છે. રશિયાનો મુખ્યત્વે ફોસ્ફરસ-સમૃદ્ધ ખાતરો (જેમ કે DAP) અને NPK ખાતરોનોપુરવઠો વધ્યો છે. આનો સ્થિર પુરવઠો સુનિશ્ચિત કરવો એ એક વ્યૂહાત્મક આવશ્યકતા છે.

યુક્રેન યુદ્ધ શરૂ થયા પછી ખાતર તેમજ ઊર્જા વેપાર, ખાસ કરીને ક્રૂડ ઓઇલ, ઝડપથી વિકસ્યો છે. બંને દેશો આરોગ્યસંભાળ, શિક્ષણ, સંસ્કૃતિ અને મીડિયામાં પણ સહયોગ શોધી રહ્યા છે, જે પરંપરાગત સંરક્ષણ-ઉર્જા ધરીથી આગળ સંબંધોને વિસ્તૃત કરવાના તેમના ઇરાદાને દર્શાવે છે. તાજેતરના અહેવાલો સૂચવે છે કે ટ્રમ્પ દ્વારા ઉર્જા દિગ્ગજો રોઝનેફ્ટ અને લુકોઇલ પર નવા પ્રતિબંધો છતાં ભારતમાં રશિયન તેલના શિપમેન્ટમાં વધારો થયો છે. ઉર્જા વિશ્લેષણ ફર્મ કેપ્લરના જણાવ્યા અનુસારભારતીય રિફાઇનરોએ નવેમ્બરમાં દરરોજ સરેરાશ ૧૨.૭ લાખ બેરલ રશિયન ક્રૂડ ઓઇલની આયાત કરી હતી. આમાંથી મોટાભાગનું મધ્યસ્થી દ્વારા આવ્યું હતું.

પુતિનની મુલાકાતની પૂર્વસંધ્યાએ રશિયન સંસદ દ્વારા ભારત સાથે લશ્કરી લોજિસ્ટિક્સ કરારને મંજૂરી આપવી એ આ ગાઢ મિત્રતાનો સ્પષ્ટ સંકેત છે. રેસિપ્રોકલ એક્સચેન્જ ઓફ લોજિસ્ટિક્સ સપોર્ટ (RELOS) બંને દેશોને લશ્કરી કર્મચારીઓ, તેમજ લશ્કરી જહાજો અને વિમાનોના ઉપયોગ માટે એકબીજાના પ્રદેશોનો ઉપયોગ કરવાની મંજૂરી આપે છે. આ કરાર સોવિયેત યુગ પછી બંને દેશો વચ્ચેનો સૌથી દૂરગામી કરાર છે. ભારતીય નૌકાદળના જહાજો, જેમાં વૈજ્ઞાનિક સંશોધનમાં રોકાયેલા જહાજોનો સમાવેશ થાય છે, હવે આર્કટિકમાં રશિયન બંદર પર ડોક કરી શકે છે અને તેમની પ્રવૃત્તિઓ ચલાવી શકે છે. અન્ય કરારો પણ થઇ શકે છે, જેમાં ભારત દ્વારા સ્ટીલ્થ ફાઇટર એરક્રાફ્ટના નવીનતમ સંસ્કરણ, SU-૫૭, S-૪૦૦ મિસાઇલ સંરક્ષણ પ્રણાલીનું અદ્યતન સંસ્કરણ અને ૨ અબજ ડોલરની પરમાણુ સબમરીનનો સમાવેશ થાય છે.

યુક્રેન પરના આક્રમણ પછી રશિયન રાષ્ટ્રપતિ પુતિન પહેલી વાર ભારતની મુલાકાતે આવી રહ્યા છે. તેમણે ૨૦૨૩ માં ભારતમાં G૨૦ સમિટ પણ છોડી દીધી હતી.દરમિયાન, બંને દેશોના નેતાઓએ ૨૦૨૨માં પાંચ વખત અને ૨૦૨૩માં બે વાર ફોન પર વાત કરી હતી. જુલાઇ ૨૦૨૪માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ મોસ્કોની મુલાકાત લીધી હતી.બંને દેશોએ તેમના સંબંધોને ખાસ વ્યૂહાત્મક ભાગીદારીનો દરજ્જો આપ્યો છે.આ અંતર્ગત, ભારત અને રશિયા વચ્ચે વાર્ષિક શિખર સંમેલનની જોગવાઇ છે.આમાં બંને દેશોના ટોચના નેતાઓ એકબીજાના દેશમાં વારાફરતી મળે છે. અત્યાર સુધીમાં આવી ૨૨ સમિટ થઇ ચૂકી છે.ભારત અને રશિયા G૨૦, BRICS, શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (SCO) અને સંયુક્ત રાષ્ટ્ર જેવા બહુપક્ષીય મંચોનાં સભ્યો છે.ભારતનો દાવો છે કે બંને દેશો આ મંચો પર સાથે મળીને કામ કરે છે.

ભારત રશિયાને એવા દેશોમાં ગણે છે જે સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં કાયમી બેઠક માટે ભારતની દાવેદારીને સમર્થન આપે છે.યુક્રેનનો મુદ્દો ઉકેલાઇ ન જવાને કારણે રશિયા પશ્ચિમી દેશોના દબાણ હેઠળ છેઅને અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ટેરિફને કારણે ભારત પણ દબાણ હેઠળ છે. ભારત અને રશિયા વધુ વિશ્વાસ સાથે કામ કરવા માંગે છે, પરંતુ તેને મોટો મુદ્દો બનાવવા માંગતા નથી, જેથી અમેરિકા ગુસ્સે ન થાય. એ પણ નોંધનીય છે કે ઓપરેશન સિંદૂર અને પાકિસ્તાન સાથેના સંઘર્ષ પછી આ પ્રથમ શિખર સંમેલન છે.ભારતીય વાયુસેના (IAF) એ તે સંઘર્ષ દરમિયાન રશિયન વાયુ સંરક્ષણ પ્રણાલી S-૪૦૦ ના પ્રદર્શનની પ્રશંસા કરી હતી. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પણ ભારત-રશિયન સુપરસોનિક ક્રુઝ મિસાઇલ બ્રહ્મોસના ચોકસાઇ પ્રદર્શનની પ્રશંસા કરી હતી. ભારતીય વાયુસેનાનું મુખ્ય ફાઇટર એરક્રાફ્ટ રશિયન-ડિઝાઇન કરેલ સુખોઇ-૩૦ MKI છે.પાકિસ્તાને જાહેરાત કરી કે તેને ચીન તરફથી ખાતરી મળી છે કે તે ૪૦ પાંચમી પેઢીના J-૩૫ સ્ટીલ્થ ફાઇટર જેટ સપ્લાય કરશે.ભારતીય વાયુસેનાને તેની ૪૨-સ્ક્વોડ્રન તાકાતને પૂરક બનાવવા માટે તાત્કાલિક વધુ ફાઇટર એરક્રાફ્ટની જરૂર છે. ભારતીય વાયુસેના પાસે હાલમાં ૩૦ સ્ક્વોડ્રન છે. સામાન્ય રીતે, એક સ્ક્વોડ્રનમાં ૧૮ ફાઇટર એરક્રાફ્ટ હોય છે.

સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓના જણાવ્યા અનુસારભારત રશિયા પાસેથી પરમાણુ સંચાલિત સબમરીનની ડિલિવરી અંગે નિશ્ચિત ખાતરી ઇચ્છે છે.રશિયા ભારતનો સૌથી મોટો શસ્ત્રોનો સ્રોત છે, જે ૨૦૨૦ અને ૨૦૨૪ વચ્ચે ભારતની કુલ આયાતમાં ૩૬ હિસ્સો ધરાવે છે.જોકે, આ ખરીદી૨૦૧૦-૨૦૧૪ ના સમયગાળા કરતા નોંધપાત્ર રીતે ઓછી છે, જ્યારે તે ૭૨ ટકા હતી. ભારત હવે શસ્ત્રોના પુરવઠા માટે ખાસ કરીને ફ્રાન્સ, ઇઝરાયલ અને અમેરિકા તરફ વધુને વધુ વળી રહ્યું છે.આમાંબીજું એક પરિવર્તન આવી રહ્યું છે.પહેલાં આ સંબંધ ખરીદનાર અને વેચનારનો હતો, પરંતુ હવે ભાગીદારી સંયુક્ત સંશોધન તરફ આગળ વધી રહી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુ ધ પોઇન્ટ

સમકિત શાહ

પુતિનની મુલાકાતની પૂર્વસંધ્યાએ રશિયન સંસદ દ્વારા ભારત સાથે લશ્કરી લોજિસ્ટિક્સ કરારને મંજૂરી આપવી એ આ ગાઢ મિત્રતાનો સ્પષ્ટ સંકેત છે

ઓટો સેકટરમાં તેજી વચ્ચે ઓલાનો શેર ઓલટાઇમ નીચલા સ્તરે પહોંચ્યો

ઓલા ઇલે. આઇપીઓ કિંમતથી 53 ટકા નીચલા સ્તરે, રેકોર્ડ ઉચાઇથી 65 ટકા ઘટ્યો

ઓલા ઇલે. આઇપીઓ કિંમતથી 53 ટકા નીચલા સ્તરે, રેકોર્ડ ઉચાઇથી 65 ટકા ઘટ્યો

નવી દિલ્હી, તા. 5: ઓલા ઇલેક્ટ્રિક મોબિલિટીનાશેરમાં વેચાણનું દબાણ યથાવત છે. ૫ ડિસેમ્બરે બીએસઇ પર શેરમાં 1.72 ટકાનો ઘટાડો થયો હતો. તેની કિંમત 35.50 રૂપિયા પર બંધ થઇ હતી. દિવસ દરમિયાન, શેરમાં અગાઉના બંધ ભાવની તુલનામાં લગભગ 4 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો અને ભાવે 52 અઠવાડિયાની નીચી સપાટી 34.73 રૂપિયા બનાવી હતી. આ શેરમાં સતત 6 દિવસથી ઘટાડો થઇ રહ્યો છે. કંપનીનું માર્કેટ કેપ ઘટીને 15600 કરોડ રૂપિયા થઇ ગયું છે. ઓલા ઇલેક્ટ્રિક ઓગસ્ટ 2024માં સ્ટોક એક્સચેન્જમાં સૂચિબદ્ધ હતી. તેની આઇપીઓ કિંમત 76 રૂપિયા હતી. આ ભાવથી શેર 53 ટકા નીચે છે. તે જ સમયે, બીએસઇ પર રેકોર્ડ હાઇ 100.40 રૂપિયાથી લગભગ 65 ટકા ઘટી છે. નિફ્ટી ઓટો ઇન્ડેક્સે આખા વર્ષ દરમિયાન અદભૂત રેલી દર્શાવ્યા બાદ આ ઘટાડો થયો છે. જ્યારે બાકીની ઓટો કંપનીઓના શેરમાં વધારો થઇ રહ્યો છે, ત્યારે ઓલા ઇલેક્ટ્રિક ભારે દબાણ હેઠળ અટવાઇ ગયું છે. ઓલા ઇલેક્ટ્રિક મોબિલિટીનો 6,145.56 કરોડનો આઇપીઓ 4.45 ગણો ભર્યો હતો. ઓલા ઇલેક્ટ્રિકના શેરમાં 3 મહિનામાં 40 ટકા, 1 મહિનામાં 29 ટકા અને એક સપ્તાહમાં 14 ટકાનો ઘટાડો થયો છે. ગુરુવારે તેમાં ૫ ટકાનો ઘટાડો થયો હતો. સ્ટોકને આવરી લેતા 8 વિશ્લેષકોમાંથી3એ ખરીદ રેટિંગ જાળવી રાખ્યું હતું. એકે 'હોલ્ડ' રેટિંગ આપ્યું છે અને 4 એ 'સેલ' રેટિંગ આપ્યું છે. સપ્ટેમ્બર 2025 ના અંત સુધીમાં, પ્રમોટરો પાસે કંપનીમાં 36.78 ટકા હિસ્સો હતો.

31/12 પહેલાં વિદેશી સંપત્તિ-આવક જાહેર કરો

ટેક્સ ટ્વિટર

વિરેશ રૂદલાલ

બ્લેક મની એક્ટ 2015ની કલમ 42 અને કલમ 43 અંતર્ગત ભારતીય રહીશ (રેસીડન્ટ) વ્યકિતઓએ પોતાના આવકવેરા રીટર્નમાં વિદેશી સંપત્તિ આવક જાહેર કરવી જરૂરી છે. રહીશની આવક ભલે કરપાત્ર લીમીટથી ઓછી હોવા છતાં આ જરૂરી છે અને જો એમ કરવામાં આવે નહિ તો 10 લાખ રૂા. નો દંડ લાગુ પડશે. ઇન્કમટેક્ષ રીટર્ન ફોર્મ-2 અને ફોર્મ-3ના શિડયુલ F.A. (Foragn Asset)માં આ વિગત ભરવી જરૂરી છે. ઇન્કમટેક્ષ રીટર્ન ફોર્મ-1 અને ફોર્મ-4માં આ અંગેની કોલમ ન હોવાથી ભરી શકાશે નહિ.

ભારતીય રહીશ

વ્યકિત કે જેને પાછલા વર્ષમાં ભારતમાં 182 કે વધારે દિવસોનો વસવાટ (રહેવાશ) હોય અથવા અગાઉના 4 વર્ષોમાં 365 દિવસોના રહેવાશ અને પાછલા વર્ષમાં60 દિવસો અથવા વધારાનો રહેવાશ હોય.

HUF કે જેનો કન્ટ્રોલ અને મેનેજમેન્ટ ભારત બહારથી નહિ હોય.

આમ તમામ ભારતીય રહીશો એ આ ડિસ્કલોઝરનું પાલન કરવું જરૂરી છે. વિદેશી બેંકમાં ખાતા ભારત બહાર શેર્સ, સ્ટોક, મ્યુ. ફંડમાં રોકાણ ઓથોરીટી લેટર સ્થાવર મિલ્કતો જો હોય તો આ તમામ મિલ્કતો કયારે ખરીદી, વર્ષ, રકમમાં જણાવવી પડશે જેમાં વિદેશી કરન્સી ઉપરાંત INRમાં માહિતી આપવી પડશે.

બિન રહીશોએ વિદેશની મિલ્કત જાહેર કરવાની નથી

રીટર્ન શિડયુલ FA અન્વયે વિદેશની મિલ્કત, બેંક એકાઉન્ટ દર્શાવવાની જવાબદારી ભારતમાં રહીશ હોય તે કરદાતાઓની જ રહેશે.

બિન રહીશ (Non Resident) અને R but NOR કક્ષાના કરદાતાઓની રહેતી નથી. કારણ કે તેમની ભારત બહારની આવક આવકવેરા કાયદા હેઠળ કરપાત્ર ગણાતી નથી.

નોન-ડિસ્કલોઝર અને દંડ

બ્લેક મની કાયદા હેઠળ 10 લાખના દંડની જોગવાઇ છે પરંતુ અપવાદ કેઇસોમાં 5 લાખ સુધીની કિંમતની મિલ્કત જાહેર કરવામાં ચૂક થઇ હશે તો આ જોગવાઇ લાગુ પડતી નથી. 1.10.2024થી આ રકમ મર્યાદા વધારીને 20 લાખ કરવામાં આવી છે. આ રકમ મર્યાદા જંગમ મિલ્કતો માટે જ છે. રીટર્ન શિડયુલ FAમાં ચૂકના સંદર્ભે પણ આ અપવાદ લાગુ પડે છે.

જાહેર ન કરનારાઓને છેલ્લી સૂચના

બહુ જ મોટા પ્રમાણમાં કરદાતાઓએ ભારત બહારની વિદેશી સંપત્તિ આવક દર્શાવવામાં આળસ દર્શાવી છે. નાણાકિય વર્ષ 2024-25ના રીટર્નમાં આ વિગતો દર્શાવી નથી. તેઓએ મોડા ભરાતા રીટર્નની કલમ 139(4)-(5) મુજબ તા. 31.12.2025 પહેલા રિવાઇઝડ કરી દેવું જરૂરી છે. CBDTના ધ્યાનમાં આવ્યું છે કે આ કેઇસોમાં મોટી કંપનીના કર્મચારીઓ છે. આ ઉપરાંત એવું પણ ધ્યાનમાં આવ્યું છે કે UAE જેવા દેશોમાં પણ ભારતીય રહીશોની સંપત્તિ છે. બેવડા દેશની નાગરિકત ધરાવનારને OCI Coverseas citizin of India)નો વિશિષ્ટ દરજ્જો આપવામાં આવ્યો છે. તેઓ જો ભારતમાં 182 કે તેનાથી વધારે દિવસો ભારતમાં રહે તો વિદેશી મિલ્કતો જાહેર કરવી પડશે જેઓના વિદેશના ગ્રીનકાર્ડ પ્રોસેસમાં છે તેઓએ તાકિદે તેમના સી.એ.ને મળીને નીતિ નિયમો જાણી લેવા.

નબળો રૂપિયો ઓઇલ-ગેસ કંપનીઓના માર્જિન દબાણમાં રહેશે

ભારતની ઓઇલ-ગેસ કંપનીઓ વૈશ્વિક સ્તરે ઊંચા ગેસના ભાવ, સપ્લાય કોન્ટ્રાક્ટમાં ફેરફારની અસર જેવી મુશ્કેલીઓનો સામનો કરી રહી છે

ભારતની ઓઇલ-ગેસ કંપનીઓ વૈશ્વિક સ્તરે ઊંચા ગેસના ભાવ, સપ્લાય કોન્ટ્રાક્ટમાં ફેરફારની અસર જેવી મુશ્કેલીઓનો સામનો કરી રહી છે

નવી દિલ્હી, તા. 5: ગેસ કંપનીઓના માર્જિન ઓછામાં ઓછા આગામી કેટલાક ક્વાર્ટર સુધી દબાણ હેઠળ રહેશે. તેમણે કહ્યું કે ભારતની ઓઇલ અને ગેસ કંપનીઓ વૈશ્વિક સ્તરે ઊંચા ગેસના ભાવ, સપ્લાય કોન્ટ્રાક્ટમાં ફેરફાર અને નબળા રૂપિયાની અસર જેવી મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. આઇસીઆઇસીઆઇ સિક્યોરિટીના નિષ્ણાતનું માનવું છે કે, ઘણા સિટી ગેસ ડિસ્ટ્રિબ્યુટર્સે છેલ્લા કેટલાક મહિનામાં તેમની સોર્સિંગ વ્યૂહરચનામાં ફેરફાર કર્યો છે. લાંબા ગાળાના અથવા સ્પોટ કોન્ટ્રાક્ટ પર એલએનજી સંપૂર્ણપણે ખરીદવાને બદલે, તેઓ હવે યુએસ ગેસ બેંચમાર્ક હેનરી હબ પર આધારિત તેમના ગેસનો ભાગ ખરીદે છે. પરંતુ હેનરી હબના ભાવમાં તીવ્ર વધારો થયો છે, અને સેને ભારતીય આયાતકારો પર તેની સીધી અસર પર પ્રકાશ પાડ્યો હતો. હેનરી હબના ભાવમાં વધારો થવા લાગ્યો છે, તેનો અર્થ એ છે કે ગેસની કિંમત વધુ મોંઘી થવાનું શરૂ થશે, તેમણે જણાવ્યું હતું. આનાથી ઇન્દ્રપ્રસ્થ ગેસ અને મહાનગર ગેસ જેવા સીજીડીના કાચા માલની કિંમતમાં વધારો થાય છે.

બીજી મોટી સમસ્યા રૂપિયો નબળો પડવાની છે. ભારત તેના મોટાભાગના ક્રૂડ ઓઇલ અને નેચરલ ગેસની આયાત કરે છે, તેથી નબળા ચલણ દરેક શિપમેન્ટની કિંમતમાં વધારો કરે છે. તેમનું કહેવું છે કે, કંપનીઓ 88-89ના એક્સચેન્જ રેટ પર બજેટ બનાવી રહી છે, પરંતુ અમેરિકન ડોલર સામે રૂપિયો 90 સુધી પહોંચતા ગણતરી ઝડપથી બદલાઇ જાય છે. તેમણે ચેતવણી આપી હતી કે આની દેખીતી રીતે મોટી અસર પડશે અને તે ટૂંકા ગાળામાં માર્જિનને ચુસ્ત રાખશે.

ગેસ ડિસ્ટ્રિબ્યુટર્સ પર તાત્કાલિક દબાણ છે, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ જેવી રિફાઇનર્સ તુલનાત્મક રીતે વધુ સારી સ્થિતિમાં છે. એસએન્ડપીએ તાજેતરમાં રિલાયન્સનું ક્રેડિટ રેટિંગ અપગ્રેડ કર્યું છે.

કોરોના રેમેડીઝ લિ.નો આઇપીઓ

કોરોના રેમેડીઝ લિમિટેડનો આઇપીઓ સોમવાર, 08 ડિસેમ્બર, 2025ના રોજ ખુલશે. પ્રાઇઝ બેન્ડ ઇક્વિટી શેર દીઠ રૂ. 1,008 થી રૂ. 1,062 નક્કી કરવામાં આવ્યો છે. બિડ્સ ઓછામાં ઓછા 14 ઇક્વિટી શેર માટે અને ત્યાર બાદ 14 ઇક્વિટી શેરના ગુણાંકમા કરી શકાય છે. ઓફરમાં પ્રત્યેક રૂ. 10ની ફેસવેલ્યુવાળા ઇક્વિટી શેર્સ માટે વેચાણ માટેની ઓફર સામેલ છે.

વેક્ફીટ ઇનોવેશન્સ લિ.નો આઇપીઓ

વેક્ફીટ ઇનોવેશન્સ લિમિટેડનો